રાજભવન, ગાંધીનગર.
તા. ૨૦/૦૩/૨૦૧૫

**ચેટીચંદ પર્વ ધાર્મિક આસ્થા અને ગૌરવશાળી સાંસ્કૃતિક પરંપરાઓનો પર્વ છે**

– રાજયપાલશ્રી

**સિન્ધુ સેવા સમાજ દ્વારા ચેટીચંદ પર્વની પૂર્વ સંધ્યાએ રાજભવનમાં આયોજિત સ્નેહ સંમેલન**

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે ચેટીચંદ પર્વ સિંધી સમુદાયનો ધાર્મિક અને સાંસ્કૃતિક પર્વ છે. આ પર્વે તેમના નવા વર્ષનો શુભારંભ થાય છે, જેને સિંધી સમાજ પરમ શ્રદ્ધા અને ભકિતભાવપૂર્વક ઉજવે છે. તેમણે સિંધી સમાજને ચેટીચંદના પાવન અવસરે હાર્દિક શુભકામનાઓ આપી હતી.

ચેટીચંદના પર્વની પૂર્વ સંધ્યાએ ગઈકાલે રાજભવનમાં સિન્ધુ સેવા સમાજ, અમદાવાદના ઉપક્રમે આયોજિત સ્નેહ સંમેલનમાં રાજયપાલશ્રી સંબોધન કરી રહયા હતા.

તેમણે જણાવ્યું હતું કે ચેટીચંદ પર્વે નવા વર્ષનો મંગળ પ્રારંભ દિન આપણા સૌના માટે શુભ સંકલ્પ કરવાનો દિવસ છે. રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે ભારત એ વિશાળ સમાજ છે. જેમાં વિવિધ ધર્મો – સંપ્રદાયો અને કોમોના ઉપસમાજો સમાહિત છે, જે આપણી વિશેષતા છે. અનેક ઉપસમાજો હોવા છતાં આપણા દેશમાં વિવિધતામાં એકતાનાં દર્શન થાય છે.

તેમણે જણાવ્યું હતું કે સિન્ધી સમાજે વિકાસના વિવિધ ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે, જે પ્રશંસાને પાત્ર છે. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો કે સિન્ધી સમાજ ભવિષ્યમાં પણ આવી રાષ્ટ્રભાવના સામે વિકાસમાં સહભાગી બની રહેશે.

પ્રારંભમાં ધારાસભ્ય શ્રીમતી નિર્મલાબેન વાધવાણીએ જણાવ્યું હતું કે સિન્ધી સમાજે હંમેશા રાજયના વિકાસમાં સક્રિય યોગદાન આપ્યું છે. તેમણે ચેટીચંદના પવિત્ર પર્વના અવસરે રાજયના જુદા–જુદા વિસ્તારોમાંથી આવેલા સિંધી ભાઈ–બહેનોને શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ગુજરાતી સિન્ધી સમાજના અધ્યક્ષ શ્રી પ્રેમભાઈ લાલવાણી, શ્રી બલરામ જુમાણી, ડૉ. પુરુષોત્તમ હરવાણીએ પ્રવચનો કર્યા હતાં.

સિન્ધુ સેવા સમાજના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અમર દોલતાણીએ તેમના સ્વાગત પ્રવચનમાં ચેટીચંદ પર્વ અને સિન્ધી નવા વર્ષની સૌને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી અને જુદા–જુદા જિલ્લાઓમાંથી આવેલ સમાજના આગેવાનોને આવકાર્યા હતા. શ્રી દોલતાણીએ ચેટીચંદ પર્વની ઉજવણી અંગે વિશદ્ માહિતી આપી હતી, જયારે સમાજના શ્રી મુકેશ લખવાણીએ

રાજભવન, ગાંધીનગર.
તા. ૨૦/૦૩/૨૦૧૫

## 'ચેટી–ચંદ' ની શુભકામનાઓ પાઠવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર – ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ 'ચેટી–ચંદ' ના પવિત્ર પર્વે સીધી ભાઈ–બહેનો સહિત સૌને નૂતન– વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે સિન્ધી સમાજના નવા વર્ષના શુભારંભે આ પાવન પર્વ સમાજમાં શાંતિ, પરસ્પર ભાઈચારા અને સુખ–સમૃધ્ધિમાં વૃધ્ધિ કરશે.

---

પ્રેસ સચિવ